# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૦૧–૦૯–૨૦૧૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બરની રજૂઆતના પગલે
## સુરતની એરકનેકટીવીટી માટે સરકારના ઝડપી પગલા

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની એક અખબારી યાદીના જણાવ્યા મુજબ ગાંધીનગર ખાતે સુરતને મુંબઈ, દિલ્હી, કલકત્તા તેમજ અગત્યના વેપારી મથકો સાથે જોડાણ આપવા માટે ચેમ્બરના પ્રમુખની રજૂઆતના પગલે એરલાઈન્સના પ્રતિનિધિઓ સાથે એક અગત્યની મિટિંગ ગાંધીનગર ખાતે સેક્રેટરી ટુરીઝમ અને નાગરીક ઉડ્ડયંણ શ્રી વિપુલ મિત્રાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ મિટિંગમાં નકકી કરવામાં આવેલ કે, સુરતને અનુકુળ સમયે એર કનેકટીવીટી મળી રહે તે માટે મુંબઈ સુરત, સુરત અમદાવાદ, તેમજ અન્ય વેપારી મથકો માટે એર કનેકટીવીટી આપવા જણાવ્યું હતું. આ અંગે તા. ૧૬ મી સપ્ટેમ્બર ૨૦૧૦ ના રોજ સિવિલ એવીએશન ના વડા શ્રી અજીત ચૌહાણ અને કિંગ ફિશર, સ્પાઈસ જેટ, ઈન્ડીગો તથા અન્ય એર લાઈન્સના વડા સુરત ખાતે વેપાર અને ઉદ્યોગના પ્રતિનિધિઓ સાથે મળી એર કનેકટીવીટીના સમય તેમજ વેપારી મથકોની સાથે એર કનેકટીવીટી અંગે નિર્ણય લેશે.

ચેમ્બરના પ્રમુખ ડૉ. અજોય ભટ્ટાચાર્યના જણાવ્યા મુજબ આ એક મહત્વની મિટિંગ થશે અને આમા વેપાર અને ઉદ્યોગના સર્વે એસોસીએશનો અને પ્રતિનિધિઓનો સાથ સહકાર મળી રહેશે. એવી આશા વ્યકત કરી હતી.